ડાયરેક્ટ સે

સ્વીચબૉર્ડનેય
દીવાળી આવી
પહેલાં એ
ઘરના એક ખૂણામાં
એકલતા અનુભવતું હતું
હવે ચાર્જરોનો સાથ મળવાથી
કેવી હૂંફ અનુભવે છે !

જન્મદિને વધામણી

એ જી વોરા

ખ્વાઈશ સડાત

દિયા પટેલ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

ચૌધરી ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ ખાતે દિપાવલી પર્વની ઉજવણી કરાઈ

ગાંધીનગર ચૌધરી ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સીંગમાં બેઝીક બીએસસી નર્સિંગના દ્વિતિય વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે કૉલેજ કૅમ્પસમાં તા. ૧૪ ઑક્ટોબર ને શનિવારના રોજ દીવાળીના પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિશિષ્ટ રૂપે રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉપસ્થિત મહેમાનો શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના પૂર્વ પ્રમુખ મણિભાઈ ચૌધરી, ટ્રસ્ટી શંકરભાઈ ચૌધરી, કૅમ્પસ ડિરેક્ટર યશવંતભાઈ ચૌધરી અને ચૌધરી ઈન્સ્ટીટ્યુટ ઑફ નર્સીંગના પ્રિન્સિપાલ મયુક જૈન, ફૅકલ્ટી મૅમ્બર તથા તમામ સ્ટાફ દ્વારા આ પર્વની હર્ષભેર ઉજવણી કરવામાં આવી હતી તેમજ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

ઍમ બી પટેલ કન્યા પ્રાઈમરી સ્કૂલ દ્વારા શૈક્ષણિક પ્રવાસ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાઈમરી સ્કૂલમાં ૧૩ ઑક્ટોબર ને શુક્રવારના રોજ ધોરણ-૬થી ૮ની ૫૨ વિદ્યાર્થીનીઓ માટે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત પાવાગઢ, વડોદરા કમાટી બાગ, પ્રાણી સંગ્રહાલય, મ્યુઝિકમ અને માછલીઘરની મુલાકાત લેવામાં આવી હતી. વિદ્યાર્થીનીઓએ આ પ્રવાસથી જ્ઞાન સાથે ગમ્મત પણ પ્રાપ્ત કરી હતી.

એમ.બી. પટેલમાં વિવિધ સ્પર્ધાઓ

ગાંધીનગર, તા.૧૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલમાં તા. ૧૪ ઑક્ટોબર ને શનિવારના રોજ ધોરણ-૩થી ૮ના વિદ્યાર્થીઓ માટે દિવાળી કાર્ડ મેકિંગ અને ધોરણ-૬થી ૮ના વિદ્યાર્થીઓ માટે રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક ધોરણમાંથી શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર બે વિદ્યાર્થીઓનાં નામ વિજેતા તરીકે જાહેર કરવામાં આવ્યાં હતાં.

દિવાળી કાર્ડ સ્પર્ધામાં ધો. ૩માંથી તન્વી સારગાણી, ધો. ૪ અમાંથી ટીશા પટેલ, ધો. ૫ કમાંથી કૃપાલી ઠક્કર, ધો. ૬ અમાંથી માહી પંડ્યા, ધ. ૭ કમાંથી દિશા દરજી, અને ધો. ૮ ક વર્ષા મોદી અને રંગોળી સ્પર્ધામાં ધો. ૬ ઈમાંથી જીયા પોલાદી, ધો. ૭ ઈમાંથી એશા પટેલ, ધો. ૮ અમાંથી અરબીના સૈયદ અને ધ. ૮ ઈમાંથી માહી ડી પટેલનાં નામની જાહેરાત વિજેતા તરીકે કરવામાં આવી હતી. સમગ્ર શાળા પરિવાર વતી આચાર્ય નીરૂબેન પટેલે સ્પર્ધાઓમાં ભાગ લેનાર અને વિજેતા થનાર તમામ વિદ્યાર્થીનીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળની પારદર્શિતા

સંસ્થા દ્વારા સંચાલિત સઘળી સ્કૂલ્સની સરેરાશ ફી માત્ર ૮.૭૨% જ વધી છે

વિવિધ પ્રવૃત્તિઓ, ફી કમિટી સમક્ષ કરવામાં આવેલી દરખાસ્ત અને સામાજિક કાર્યો અંગે સંસ્થાએ મોકળાશથી વિગતો રજૂ કરી

ગાંધીનગર, તા. ૧૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત સ્કૂલ્સમાં ફી અચાનક વધારી દેવામાં આવી હોવાના પત્રના પ્રકાશન પછી આજે 'ગાંધીનગર સમાચાર' દ્વારા હકીકતની ખરાઈ કરવા માટે રૂબરૂ સંસ્થાની મુલાકાત લેવામાં આવી હતી, જેના દ્વારા એ જાણવા મળ્યું છે કે સંસ્થા દ્વારા સંચાલિત સ્કૂલ્સની ફી સરેરાશ માત્ર ૮.૭૨% જેટલી જ વધારવામાં આવી છે. સેવાના ઉદ્દેશ્યથી જ ચાલતી આ સંસ્થા વિશે આધાર વિનાની હકીકત પ્રકાશિત થયા પછી સંસ્થાની પ્રતિષ્ઠાને અસર પહોંચી છે એવો અહેસાસ થતાં અખબાર દ્વારા સંસ્થાની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી. સંસ્થાના સંચાલક મંડળ, સ્કૂલના આચાર્યો દ્વારા ફી વધારા અંગે સંસ્થાની માહિતી અંગે મોકળાશથી વાત કરીને જે પારદર્શિતાનો અનુભવ કરાવવામાં આવ્યો હતો એ કાબિલે તારીફ હતો. સંસ્થાની પ્રવૃત્તિઓ, ફી કમિટી સમક્ષ કરવામાં આવેલી દરખાસ્ત કે સંસ્થા દ્વારા થતાં સામાજિક કાર્યો - કોઈપણ હકીકત અંગે સંસ્થા વિગતો આપવા માટે સહજ અને ખુલ્લી જણાતી હતી એ જોઈને આનંદ અને સંતોષની લાગણી થઈ. ઉચ્ચ વિચારો અને કાર્યક્ષમતા સાથે શરૂ થયેલી નાનકડી સંસ્થા આજે વટવૃક્ષ કેવી રીતે બની છે એનો સ્વાનુભવ આ કારણથી થયો.

સંસ્થાની રૂબરૂ મુલાકાતથી સંસ્થા સંચાલિત સ્કૂલ્સનીફી અંગેની સાચી હકીકત પણ અખબારને જાણવા મળી, જે અગાઉ આધાર વિહોણી રીતે પ્રકાશિત થઈ હતી. અખબાર દ્વારા આ અંગે સંસ્થા સમક્ષ દિલગિરી વ્યક્ત કરીને જવાબદાર રીતે પત્રકારત્વ અનુસરવાની ખાતરી પણ આપવામાં આવી હતી તો સામે પક્ષે સંસ્થા દ્વારા આવા કોઈપણ કિસ્સામાં જાત તપાસ કરવા માટે પોતાની મુલાકાત લેવાની અને આવી મુલાકાતો માટે પોતાનાં બારણાં હંમેશાં ખુલ્લા રહેશે એવી હૈયાધારણ પણ આપવામાં આવી હતી. શિક્ષણ એ નફાનો ધંધો નહીં પરંતુ સેવાનો વ્યવસાય છે એ સંસ્થાએ સાબિત કરી આપ્યું હતું અને પોતાની સેવાભાવનાના સિદ્ધાંતોને સંસ્થા દૃઢપણે વળગી રહી છે એ બાબત પણ અભિવ્યક્ત કરી હતી. આજના મોંઘવારીના જમાનામાં પણ નજીવી ફીમાં બાળકોને ઉચ્ચ શિક્ષણ આપતી આ સંસ્થાની છબિ અખબારના આધારવિહોણા અહેવાલથી ખરડાય નહીં એ ધ્યાન રાખતાં આ હકીકતો પ્રકાશિત કરવાની પણ સંસ્થાને ખાતરી આપવામાં આવી હતી અને સંસ્થા પ્રતિ ક્ષમાપ્રાર્થના પણ વ્યક્ત કરવામાં આવી હતી.

૨૦ ઑક્ટોબરના રોજ

હરે કૃષ્ણ મંદિર દ્વારા ગોવર્ધન પૂજા

ગાંધીનગર, તા. ૧૬

હરે કૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા તા. ૨૦ ઓક્ટોબર, ૨૦૧૭ ના રોજ ગોવર્ધન પૂજા અને અન્નકૂટ મહોત્સવની ખૂબ જ ભવ્યતા સાથે ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. મંદિરમાં ઉજવાઈ રહેલ ગોવર્ધન પૂજા અને અન્નકૂટ મહોત્સવ ખૂબ જ અપૂર્વ અને આ પ્રંસગ ભકતો માટે એક અદભૂત અનુભવ બની રહેશે. શુદ્ધ શાકાહારી કેકમાંથી બનાવેલ ગોવર્ધન પર્વત, વિવિધ જાતના પકવાન અને મિષ્ઠાનનો અન્નકૂટ, ગૌ-પૂજા, દીપોત્સવ આરતી, સાંસ્કૃતિક કાર્યક્રમ વિગેરે ઉત્સવની અદ્ભભૂતતામાં વધારો કરશે.

ભગવાન શ્રીકૃષ્ણએ ઈન્દ્રના ક્રોધ અને અત્યાર સામે વ્રજવાસીઓનું રક્ષણ કરવા પોતાના ડાબા હાથની ટચલી આંગળી પર ગોવર્ધન પર્વત ઉંચકયો હતો. આ પ્રંસગની યાદગીરી રૂપે કારતક માસમાં ગોવર્ધનપૂજા અને ઉત્સવ મનાવવામાં આવે છે. આ જ દિવસે ઉત્સવના મહત્વના ભાગરૂપે ગૌ-પૂજા (ગાયની પૂજા) પણ કરવામાં આવે છે.

ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞા અનુસાર અને વ્રજવાસીઓના પગલાને અનુસરતા દર વર્ષે કારતક માસમાં આ ઉત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. હરે કૃષ્ણ મંદિરના ભક્તો દ્વારા ગોવર્ધન પર્વતની પ્રતિકૃતિ સમાન જ ગોવર્ધન પર્વત ને શુદ્ધ શાકાહારી કેક, જુદી જુદી જાતના કૂકીસ, વિવિધ જાતના અનાજ અને શુદ્ધ ઘીની બનાવટો (જેમ કે ભાત, હલવો, પકોડા, પૂરી વગેરે) દૂધની વિવિધ જાતની બનાવટો (જેમ કે સ્વીટ ભાત, રબડી, રસગુલ્લા, અને લાડુ વગેરે) થી બનાવવામાં આવશે. ગોવર્ધન પર્વતમાં ઉપયોગમાં લેવાતી કેક અને કૂકીસને મંદિરની બેકરીમાં ભકતો દ્વારા જ બનાવવામાં આવશે જે ૧૦૦ ટકા શુદ્ધ અને શાકાહારી હશે. આ બધા વ્યંજનોને નાના પર્વતોના રૂપમાં ગોઠવવામાં આવશે અને ભગવાનને અર્પણ કરવામાં આવશે. ત્યાર બાદ આ પ્રયોજનોને પ્રસાદરૂપે ભકતોને વહેંચવામાં આવશે. આ કારણે જ આ ઉત્સવને અન્નકૂટ ઉત્સવ તરીકે પણ મનાવવામાં આવે છે.

ગોવર્ધન પર્વતની પ્રતિકૃતિ સમાન આશરે ૧૦૦૦ કિલોગ્રામ વજન ધરાવનાર ગોવર્ધન કેક ને શ્રી શ્રી રાધા માધવ ને અર્પણ કરવામાં આવશે અને ત્યાર બાદ આ કેકને સૌ ભકતોમાં પ્રસાદરૂપે વહેંચવામાં આવશે. ગાયને સુંદર રીતે શણગારવામાં આવશે અને તેની પૂજા કરવામાં આવશે. ભગવાન શ્રીકૃષ્ણ જેને ગોપાલ તરીકે પણ પૂજવામાં આવે છે જે ગાયોના રક્ષણકર્તા છે, તેમની આરતી કરાશે. ભકતો આ પ્રસંગોને અનુરૂપ ભજનો અને ગીત-સંગીત ગાઈને જૂમી ઉઠશે. ભજનસંધ્યા કાર્યક્રમમાં જાણીતા ગાયક કલાકાર શ્રી રુજુલ શાહ અને તેમના સમુદાય દ્વારા પણ સુંદર ભજનો ગાવવામાં આવશે.

ઉત્સવના અંત ભાગમાં શ્રી શ્રી રાધા માધવને અને ગોવર્ધન પર્વતની મહામંગલા આરતી કરવામાં આવશે, ત્યારે ભકતો શ્રી ગોવર્ધનઅષ્ટકમ નું ગુણગાન કરશે જેની કીર્તિને આઠ શ્લોકમાં વર્ણવવામાં આવી છે. કારતક માસમાં ઉજવાતા દિપોત્સવ મહોત્સવના ભાગરૂપે અંતમાં ભગવાનની અતિભવ્ય દિપોત્સવ આરતી પણ કરવામાં આવશે.

દિવાળી એટલે 'ફેસ ટુ ફેસ' મળીને ભેટવાનું અને સાથે બેસીને મઠીયા ખાવાનું મજાનું પર્વ

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

અંદરથી અજવાળો ખુદને અંદરથી અજવાળો, યુગો યુગોથી મથે છે દિવો, નોંધાવો કેંક ફાળો ! તદ્દન સહેલા સમીકરણથી જીવન આજે તાગો,
લાગણીઓને ગુણો હેતથી; વૈરભાવને ભાગો ! અહમ-અસૂયા બાદ કરીને અંદરથી અજવાળો,
અંદરથી અજવાળો ખુદને અંદરથી અજવાળો
રંગોળીના રંગ ઉપાડી રાત-દિવસને આપો, જાનીવાલીપીનાલાને એક એક ક્ષણમાં સ્થાપો, સફેદ રંગનો દિવસ દિલના પ્રિઝમમાંથી ગાળો ! અંદરથી અજવાળો ખુદને અંદરથી અજવાળો, યુગો યુગોથી મથે છે દિવો, નોંધાવો કેંક ફાળો !

જામનગરના કવિ મિત્ર મનોજ જોશી'મન'ની દિવાળીની ઉજવણીની શીખ આપતી મજાની રચનાવાંચતા જ દિવાળીના પર્વો જાનદાર બની જાય. હૃદયમાંથી કંઈક સરસ સંકલ્પ કરવાના અબિલ ગુલાલ ઉડવા લાગે. તહેવારો પુષ્પ જેવા છે. ફુલ બનવા જઈ રહેલી કળીનુ સૌદર્ય અનોખુ હોય છે. એ રીતે તહેવારનો ઇંતજાર ફુલ બનવા બેકરાર રૂપની લાલીમાથી ભરપૂર કળી જેવો મોહક લાગે. તહેવારો એકધારા જીવનમાં નવી ઊર્જા સિંચવાનું કાર્ય કરે છે. પરિવર્તન અને બદલાવ ખુશી છે. પર્વો એટલા માટે જ પ્રિય હોય છે. જીવનમાં આનંદ અને ઉલ્લાસનો પ્રાણવાયુ પર્વો છે. જાત-જાતના અને ભાત-ભાતના તહેવારો. દરેક તહેવારની શાન જુદી, ઉજવણીની સ્ટાઈલ જુદી, આનંદનો મિજાજ પણ જુદો. બધા તહેવારોમાં સૌથી શાનદાર અને જાનદાર તહેવાર જો કોઈ હોય તો એ દિવાળી છે. બધા પર્વોમાં દિવાળીનો તહેવાર જ એક એવો તહેવાર છે કે જેને અબાલવૃ?દ્ધ સૌ કોઈ આખુ વર્ષ રાહ જોઈને બેસે છે. જેના માટે આખુ વર્ષ રાહ જોઈ છે એ દિવાળી આજથી બરાબર બે દિવસ પછી ઝગમગવાની છે. ગામેગામ અને શહેરોના પ્રત્યેક આંગણા દીપમાલાથી ઝગારા મારવાના છે. આજે ધનતેરસનુ પર્વ... લક્ષ્મી માતાના પુજનનુ મહાત્મ્ય. આમ તો ગઈ કાલ વાકબારસ મા સરસ્વતીની ઉપાસનાથી દીપાવલીના શાનદાર અને જાનદાર તહેવારોના ઉમંગ ઘરે ઘરે પથરાવા લાગ્યો છે.

સંસ્કૃતમાં 'દીપાવલી'નો અર્થ 'શ્રેણીબદ્ધ દીવડાનો પ્રકાશ' એમ થાય છે. ગુજરાતીમાં જેમ આપણે દિવાળી કે દિવાલી કહીએ એમ બંગાળીમાં 'દિપુલી' કે 'દિપાલી' કહે છે. જ્યારે મરાઠીમાં ગુજરાતીની જેમ 'દિવાળી' કે 'ડીપાબલી', પંજાબીમાં 'દીવલી', 'દિયરી' નેપાળીમાં, 'સ્વન્તિ' કે 'તિહાર', બાલિનીસમાં 'ગાલુનગન' તામીલમાં 'તીપાવલી' તરીકે આ તહેવાર શાનથી ઉજવાય છે.

અંધકારથી ઉજાશ તરફ, અનિષ્ટથી ઈષ્ટ તરફ લઈ જતું આ પ્રકાશનું પર્વની ભારત ઉપરાંત ફીજી, ગુયાના, મલેશિયા, મોરેશિયસ, આનચાન, નેપાળ, સિંગાપોર, શ્રીલંકા, સુરીના, ત્રીનીદાદ અને ટોબેગો દેશોમાં અધિકૃત જાહેર રજા હોય છે. સામાન્ય રીતે દશેરાના તહેવાર બાદ અઢારમાં દિવસે ધનતેરસથી દિવાળીના તહેવારો શરૂ થાય છે. દિવાળીના તહેવારને પર્વોનો મહારાજા એટલે પણ કહેવાય છે કે, એક સાથે વિવિધ તહેવારો ઝૂમખું લઈને દિવાળી આવે છે. વાકબારસ, ધનતેરસ, કાળીચૌદસ, દિવાળી, નૂતનવર્ષ, ભાઈબીજ અને લાભપાંચમ. પ્રત્યેક તહેવારનો મહિમા અલગ, ઉજવણીની ભાત જુદી. સરસ્વતી માતાની પુજાથી વાકબારસની ઉજવણી થાય તો લક્ષ્મી માતાના પુજનથી ધનતેરસ મનાવાય. અનિષ્ટને દૂર કરવા માટે કાળી ચૌદસ. કાળી ચૌદસ નરક ચતુર્દશી તરીકે પણ ઓળખાય છે. આ દિવસે ભગવાન શ્રી કૃષ્ણએ નરકાસુર રાક્ષસનો વધ કરી લોકોને એના ત્રાસથી લોકો મુક્ત કર્યા હતા. આ તહેવારમાં શક્તિ મેળવવા મહાકાળી માતાના ભાવપૂર્વક પૂજન- અર્ચનથી કરવામા આવતું હોય છે. શ્રૃષ્ટિના સર્જનહાર વિષ્ણુ ભગવાનની સ્તુતિ સાથે દિવાળી. વૈશ્ણવો ચોપડાપૂજનથી આખા વર્ષનું સરવૈયાની મેળવણી કરે છે. બીજી રીતે એમ પણ કહેવાય કે, આ દિવસે આખા વર્ષ દરમિયાન કરેલા કર્મોના લેખા જોખા કરી અત્મમંથન કરઈને દિવાળીનું પર્વ ઉજવવાનુ હોય. મંદિરો અને શિવાલયોની ઝાલર અને ઘંટારવના મંગળ નાદ સાથે નવા વર્ષની ઉજવણીનો શુભ દિવસ એટલે નૂતન વર્ષ. ભાઈ-બહેનના પ્રેમની ઉજવણીનો તહેવાર ભાઈ-બીજ. આ દિવસે યમનાજીએ તેમના ભાઈ યમરાજાને ઘરે બોલાવી હેતપૂર્વક જામાડ્યા હતાં. આ દિવસ સત્વશીલ દ્રષ્ટીની પ્રેરણા આપે છે. પ્રત્યેક પુરૂષ સમાજની દરેક નારીમાં બહેનના અને દરેક મહિલા પ્રત્યેક પુરૂષમાં તેના ભાઈના દર્શન કરવાની દ્રષ્ટી ખિલવવાની આ દિવસ પ્રેરણા આપે છે. આટલા બધા વિવિધ શેડથી દીપાવલીના પર્વો સ્વભાવિક રીતે જ અનોખા બની જતા હોય છે.

પૌરાણિક શાસ્ત્રોમાં ઉલ્લેખ છે કે, ઉનાળાની બળબળતી ગરમી બાદ કાર્તિક મહિનામાં દિવાળીના તહેવારોની હિન્દુ ધર્મના લોકો આનંદથી ઉજવણી કરતા હોય છે. ભારતનાં કેટલાક રાજ્યોમાં હિન્દુઓ દિવાળીને યમ અને નચિકેતાના સંવાદ સાથે સાંકળે છે. તેમની માન્યતા અનુસાર જે રાત્રિએ નચિકેતાએ યમ સાથે જીવન અને મૃત્યુ અંગેના ગુઢ રહસ્યો અંગે વાર્તાલાપ કર્યો અને નચિકેતાને જીવનના રહસ્યોના જ્ઞાનનો પ્રકાશ આ દિવસે સાંપડ્યો એ દિવસ એટલે દિવાળી. અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશ તરફના પ્રયાણનો પ્રસંગ દિવાળી તરીકે ઉજવાય છે. કઠોપનિષદમાં પ્રથમ સહસ્ત્રાબ્દીમાં આલેખાયેલી નચિકેતાની જ્ઞાનની આ વાતને દિવાળીની રાત્રિ સાથે સાંકળવામાં આવે છે.

સાતમી સદીમાં સંસ્કૃત નાટક 'નગનંદ'માં રાજા હર્ષે 'દીપપ્રતિપદુત્સવ' તરીકે દીપાવલીનો ઉલ્લેખ કર્યો છે. દીપ એટલે પ્રકાશ, પ્રદિપદ એટલે પ્રથમ દિવસ અને ઉત્સવો એટલે તહેવાર. જ્યાં દીવા પ્રગટાવવામાં આવ્યા હતાં અને નવા વરદાનની ભેટ આપવામાં આવી એ રાત્રિ એવો ઉલ્લેખ આ નાટકમાં જોવા મળે છે. આ ઉપરાંત નવમી સદીમાં રાજશેખરાની કાવ્ય મિમાંસામાં દીપાવલીનો 'દીપમાલિકા' તરીકે ઉલ્લેખ જોવા મળે છે. એમાં એમ પણ જણાવાયું છે કે, આ દિવસે ઘરો રંગબેરંગી કલરથી રંગવામાં આવે છે અને તેલના દીવા કરી ઘરો, શેરીઓ અને બજારોને શણગારવામાં આવે છે. પ્રસિદ્ધ પર્શિયન ઈતિહાસકાર અને પ્રવાસી અલબિરુનીએ ૧૧મી સદીમાં નોંધ્યું છે કે, કાર્તિક માસમાં નવો ચંદ્રમાં સોળે કળાએ આકાશમાં દેખાય તે પૂર્વે હિંદુઓ દિવાળીની રાત્રિની ઉત્સાહ અને ઉમંગથી ઉજવણી કરતા હોય છે.

દીપાવલી અને નૂતનવર્ષનું સૌથી આકર્ષક પાસુ જો કોઈ હોય તો શુભેચ્છાની આપ-લે છે. બીજા વ્યક્તિ માટે આવનારા દિવસોની મંગલમયી શુભકામનાઓ સંબંધોને વધુ મહેકાવે છે. આજથી બે અઢી દાયકા પૂર્વે કલાત્મક દિવાળી કાર્ડ અને તેમાં અલંકારિક ભાષામાં લખાયેલા શુભેચ્છા સંદેશ માટે આતુરતાપૂર્વક રાહ જોવાતી. દિવાળી કાર્ડ આનંદપૂર્વક જોવાતા. રસપૂર્વક એનો સંગ્રહ થતો. મિત્રો અને સગાઓને એ બતાવવામાં મોજ પડતી. મોબાઈલ અને નેટના ટેકનોલોજીકલ પરિવર્તને આજે શુભેચ્છા અભિવ્યક્તિની પદ્ધતિમાં આમૂલ પરિવર્તન લાવી દીધું છે. દિવાળી કાર્ડની વાત તો આજે ૧૦-૧૫ વર્ષના બાળક માટે અજાયબ વાત બની જાય. ફેસબુક, વોટ્સએપ, ઈન્સ્ટા વગેરેએ શુભેચ્છા સંદેશના સ્વરૂપનો ધરમૂળમાંથી ફેરફાર કરી દીધો છે.

દીપાવલીનો એક આનંદ મજેદાર વાનગીઓની લહેરથી લીજ્જત માણવાનો પણ છે. મઠીયા દિવાળીનો રાજા છે. દિવાળીના દિવસોમાં ઘુઘરા, ચોળાફળી, મોહનથાળ, કાજુકતરી, અંજીર રોલ, પૌંઆનો ચેવડો વગેરે વાનગીઓ સ્વર્ગ લોકની પરીઓ જેવી લાગતી. જો કે, હવે આમા પણ નવા જમાનાની હવા લાગી ગઈ છે. રેડીમેડ ફરસાણ, મીઠાઈનો ટ્રેન્ડ વધતો જાય છે. વળી પચાસ ટકા લોકો તો ઘરને તાળા મારી પાંચ દિવસ ફરવા નીકળી જાય છે. નવી તરાહનો સ્વીકાર અને સત્કાર જરૂર પણ સાથોસાથ પરંપરાનો હાર્ટ સચવાય તો ઉત્સવના આનંદની નવી ફ્લેવર વધુ મજેદાર બને. ઘરને તાળા મારીને બહારગામ ફરવાની મજા ચોક્કસ હોય પરંતુ નવા વર્ષે એક બીજાને મળી 'હગ' કરી શુભેચ્છા પાઠવવાનો આનંદ અનોખો જ હોય. એ તો જ્યારે મિત્રોને, સગાને, બાળકોને વહાલથી ભેટો ત્યારે જ ખબર પડે. આ દિવાળીમાં એટલો સંકલ્પ કરીએ કે બધા જ મિત્રો અને સબંધીઓને ફોન દ્વારા કે ફેસબુક - વોટ્સએપ ઉપર ચોક્કસ શુભકામના સંદેશ પાઠવીશુ જ અને સાથે એ પણ રીઝોલ્યુશન લેવાનુ ન ચુકાય કે, જેટલાને ફેસબુક – વેટ્સએપ ઉપર 'હેપ્પી ન્યુ યર'ના મેસેજ કર્યા હોય એમને 'ફેસ ટુ ફેસ' મળી ભેટીને શુભકામના પાઠવવાની છે... એમની સાથે બેસી મિઠાઈ, મઠીયા, ઘુઘરા, સેવ ખાવાની છે... બધા તહેવારોની મોજ અને મસ્તી હોય છે પણ દિવાળીનો દમામ અને મિજાજ કંઈક ઓર હોય છે.

ધબકાર

દીપકની જ્યોતને કોઈ પાક્કા ઠેકાણા કે સરનામાની ક્યાં જરૂર હોય છે, એ તો જ્યાં રાખો ત્યાં અજવાળું અજવાળુ.